RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 85 * Date: 13.01.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ઉત્તરાખંડના પૌડીમાં બસ ૧૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી, ૫ લોકોના મોત, ૧૫થી વધુ ઘાયલ



ઉત્તરાખંડના પૌડીથી સેન્ટ્રલ સ્કૂલ જતા માર્ગ પર એક મોટી બસ દુર્ઘટના સર્જાઈ, જેમાં અત્યાર સુધીમાં ૫ લોકોના મોત થયા અને ૧૫થી વધુ લોકો ઘાયલ થયાની પુષ્ટિ થઈ છે. મળતી માહિતી અનુસાર, બસ બેકાબૂ થઈ ગઈ હતી. જેને લઈને બસ ૧૦૦ મીટર નીચે ખીણમાં ખાબકી હતી. દુર્ઘટના એટલી ભયંકર હતી કે ઘટના સ્થળે ચીચીયારી ગુંજી ઉઠી હતી.મિની બસ સંખ્યાૅ દ્ધ૧૨ૅ઼૦૧૭૭, જે પૌડી બસ સ્ટેશનથી કેન્દ્રીય વિદ્યાલય થઈને શ્રીનગર માટે અંદાજિત ૩ વાગ્યે નીકળી હતી. ત્યારે પૌડીના કોઠાર બેન્ડ નજીક અંદાજિત ૪ વાગ્યા આસપાસ બસ દુર્ઘટનાનો શિકાર બની.પ્રાથમિક માહિતી અનુસાર, બસમાં અંદાજિત ૨૦ લોકો સવાર હતા. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ મુસાફરોના મૃત્યુ થયા છે, જ્યારે અન્ય ઘાયલ થઈ ગયા. તમામ ઘાયલોને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે જિલ્લા હોસ્પિટલ પૌડી લઈ જવાયા, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને જિલ્લા હોસ્પિટલ શ્રીનગર રિફર કરાયા છે.ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ દુર્ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું છે. તેમણે ઠ પર લખ્યું કે, 'પૌડીમાં કેન્દ્રીય વિદ્યાલય તરફ જનારા માર્ગ પર બસ દુર્ઘટનાગ્રસ્ત થવાથી ચાર મુસાફરોના નિધનના અત્યંત દુ:ખદ સમાચાર મળ્યા. ભગવાનને પ્રાર્થના છે કે દિવંગતોની આત્માને શાંતિ અને પરિજનોને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે.' મુખ્યમંત્રીએ ઘાયલોની તાત્કાલિક અને સારી સારવાર માટે નિર્દેશ આપ્યા છે.

## હું ચુંટણી લડતો હોતતો ટ્રમ્પને હરાવી દીધા હોત,બાયડેનનો દાવો

ન્યૂયોર્ક,

૨૦ જાન્યુઆરીના રોજ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખનું પદ સંભાળી રહયા છે તેમણે ડેમોક્રેટિક પાર્ટીના કમલા હેરિસને હરાવ્યા હતા. વર્તમાન રાષ્ટ્રપતિ જો બાયડેનના સ્થાને છેલ્લી ઘડીએ ડેમોક્રેટ પાર્ટીએ કમલા હેરિસને ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા. જૂન ૨૦૨૪માં એટલાન્ટામાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો વચ્ચે ડિબેટ થઇ જેમાં બાયડેનનું પ્રદર્શન સારું ન હતું. ત્યાર પછી ડેમોક્રેટ પાર્ટીએ રાષ્ટ્રપતિ પદની ચુંટણીમાંથી હટાવી લેવાનું નકકી કર્યુ હતું. ટ્રમ્પે સૌની ધારણા કરતા પણ સારા માર્જીનથી જીત મેળવીને બીજી વાર વ્હાઇટ હાઉસની એન્ટ્રી પાકી કરી લીધી હતી. જો બાયડેન થોડાક દિવસમાં જ વિદાય લઇ રહયા છે. વિદાય લઇ રહેલા બાયડેને દાવો કર્યો છે કે જો ટ્રમ્પ સામે ચુંટણી જંગમાં હોતતો હરાવી દીધા હોત. વ્હાઇટ હાઉસમાં મીડિયાકર્મીઓ સાથેના સંવાદમાં પુછાયેલા સવાલનો જવાબ આપી રહયા હતા.શું તમે ચુંટણી ના લડયા તેનો રંજ છે ? તમને એવું લાગે છે કે આપે ટ્રમ્પને ઉતરાધિકારી બનવાની સરળ તક આપી દીધી ? બાયડેન આ સવાલનો જવાબ આપતા જણાવ્યું હતું કે મને એવું લાગે છે કે હું ટ્રમ્પને હરાવી દીધા હોત. હરાવી શકું તેમ હતો.મને લાગે છે કે કમલા હેરિસ પણ ટ્રમ્પને હરાવી શકે તેમ હતી. પાર્ટીમાં એકતા જળવાઇ રહે તે માટે ચુંટણીમાંથી ખસી ગયા હતા.

## પતિ સાથે રહેવાની ના પાડનારી પત્ની પણ ભરણ-પોષણ મેળવવા માટે હકદાર: સુપ્રીમ



સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું કે, સાથે રહેવાના આદેશનું પાલન ન કરવાની સ્થિતિમાં પણ પત્ની પોતાના પતિ પાસેથી ભરણ-પોષણ મેળવી શકે છે, પરંતુ મહિલાની પાસે પતિની સાથે ન રહેવાના યોગ્ય અને જરૂરી કારણ હોવા જોઈએ.સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની બેન્ચે આ પ્રશ્ન પર કાનૂની વિવાદનો ઉકેલ લાવ્યો કે શું વૈવાહિક અધિકારો ફરી આપવાના આદેશ મેળવનારા પતિ કાયદા અનુસાર, પત્નીને ભરણ-પોષણ આપવાથી મુક્ત થઈ જાય છે, જો તેમની પત્ની સાથે રહેવાના આદેશનું પાલન કરવા અને સાસરે પરત ફરવાની ના પાડે છે.જસ્ટિસ સંજીવ ખન્નાની બેન્ચે ઝારખંડ હાઈકોર્ટના ઓગસ્ટ ૨૦૨૩ના ચુકાદાને ફગાવી દીધો. જેમાં મહિલાને ભરણ-પોષણ આપવાની ના પાડી દેવાઈ હતી. કારણ કે, તે મહિલા વૈવાહિક અધિકારો પરત કરવાના આદેશ છતા પોતાના પતિ સાથે રહેવા ન આવી. કોર્ટમાં એવા તથ્ય રાખવામાં આવ્યા હતા કે, પતિ સતત પોતાની પત્નીની સાથે ખરાબ વલણ કરતો હતો.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તેની(પતિ) પાસે ન આવવાનું કારણ ખુબ યોગ્ય હતું. કોર્ટે પતિને નિર્દેશ આપ્યો કે તેઓ ઓગસ્ટ ૨૦૧૯માં અરજી કરવાના દિવસથી ભરણ-પોષણની ચૂકવણી કરે.હવે સમગ્ર મામલા પર ધ્યાન દઈએ તો, એક કપલના લગ્ન ૧ મે ૨૦૧૪ના રોજ થયા હતા, પરંતુ ઓગસ્ટ ૨૦૧૫માં તેમનો સંબંધ તૂટી ગયો. પતિએ દાવો કર્યો કે, પત્ની ૨૧ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ તેની ઘર છોડીને ચાલી ગઈ અને પછી તે ક્યારેય પરત ન આવી. પતિએ વૈવાહિક અધિકારો પરત કરવા માટે રાંચીમાં ફેમિલી કોર્ટમાં અરજી દાખલ કરી. પત્નીએ કોર્ટને જણાવ્યું કે, તેને માનસિક રીતે હેરાન કરાઈ અને તેની પાસે ૫ લાખ રૂપિયાની માગ પણક રાઈ. તેણે એ પણ આરોપ લગાવ્યો કે, તેના પતિનો લગ્નેતર સંબંધ હતો અને ૨૦૧૫માં ગર્ભપાત થયા બાદ પણ તે તેને મળવા ન આવ્યો.પત્નીએ એમ પણ કહ્યું કે, તેઓ પરત જવા તૈયાર છે, પરંતુ શરતો સાથે. તેના ઘરના ટોયલેટનો ઉપયોગ કરવા અને જમવાનું પનાવવા માટે બળતણના ચૂલાની જગ્યાએ ગેસના ચૂલો વાપરવાની મંજૂરી મળવી જોઈએ. ૨૩ માર્ચ, ૨૦૨૨ના રોજ ફેમિલી કોર્ટે બંનેને સાથે રહેવાનો આદેશ આપ્યો, પરંતુ પત્નીએ તે આદેશનું પાલન ન કર્યું. તેના બદલે તેમણે ભરણ-પોષણ માટે ઝારખંડ હાઈકોર્ટમાં અપીલ કરી. હાઈકોર્ટે ચુકાદો સંભળાવ્યો કે પત્નીએ સહવાસ આદેશનું પાલન કર્યું ન હતું અને આદેશ સામે અપીલ કરી ન હતી, તેથી તે ભરણપોષણ માટે હકદાર નહોતી.

## બાંગ્લાદેશી ઘૂસણખોરોને નકલી ભારતીય પાસપોર્ટના આધારે વિદેશ મોકલવાનું કૌભાંડ, મોટું રેકેટ ખુલશે?



. ભારતમાં ગેરકાયદે ઘૂસી આવેલા બાંગ્લાદેશી ઘૂસણખોરોને લઈને નવો ખુલાસો થયો છે. આ બાંગ્લાદેશી ઘૂસણખોરો બનાવટી ભારતીય પાસપોર્ટનો ઉપયોગ વિદેશમાં નોકરી મેળવવા કે અન્ય દેશોમાં પ્રવેશવા માટે કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. જેને પગલે પશ્ચિમ બંગાળ પોલીસ એલર્ટ થઇ ગઇ છે અને આવા લોકોની છટણી કરવાનું શરૂ કરી દેવાયું છે. હાલ વિદેશમાં તેઓ શું કરી રહ્યા છે તેની તપાસ ચાલી રહી છે. કોલકાતા પોલીસ હાલ મૂળ પશ્ચિમ બંગાળના એનઆરઆઇની વર્તમાન સ્થિતિ તપાસવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. કેટલાક લોકો બાંગ્લાદેશી નાગરિક હોવા છતા બનાવટી ભારતીય પાસપોર્ટના આધારે વિદેશમાં કામ મેળવી રહ્યા છે. તેઓ હાલ ભારતના નામે વિદેશમાં કામ કરી રહ્યા હોવાની શંકા છે. કોલકાતા પોલીસે આ મામલે ત્રણ યૂરોપિયન દેશો સહિત અનેક દેશોમાં ભારતીય હાઇ કમિશનના અધિકારીઓને આ મુદ્દે સંદેશો મોકલ્યો છે. ખાસ કરીને એવા દેશોના ભારતીય અધિકારીઓના સંપર્કમાં છે કે જ્યાં આ બાંગ્લાદેશીઓ ભારતીય હોવાનું કહીને ઘૂસી ગયા છે. કોલકાતા પોલીસ હાલ એ તપાસ કરી રહી છે કે બનાવટી ભારતીય પાસપોર્ટના આધારે વિદેશમાં ગયેલા બાંગ્લાદેશીઓ ખરેખર ત્યાં કરી શુ રહ્યા છે, તેમની તમામ પ્રવૃત્તિઓની માહિતી મંગાવવામાં આવી રહી છે. આ બાંગ્લાદેશીઓએ ગેરકાયદે ભારતમાં પ્રવેશ કર્યો એટલુ જ નહી આધાર, પાન કાર્ડ સહિતના જુઠા દસ્તાવેજો ઉપરાંત નકલી ભારતીય પાસપોર્ટ પણ બનાવી લીધો હોવાની શંકા છે.



તંત્રી લેખ...

## નોન-લિસ્ટેડ કંપનીઓની ફીકસ્ડ એસેટ્સમાં લિસ્ટેડ કંપનીઓ કરતાં ઝડપી વધારો

અનલિસ્ટેડ કંપનીઓ તેમના લિસ્ટેડ સ્પર્ધકો કરતાં વધુ ઝડપી દરે નવા પ્લાન્ટ અને અન્ય વધારાની ક્ષમતા( ફીકસ્ડ એસેટ્સ) ઉમેરી રહી છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના ડેટા અનુસાર, ફ્રૂ૨૦૨૪ માટે અનલિસ્ટેડ કંપનીઓની ચોખ્ખી સ્થિર સંપત્તિમાં વૃદ્ધિ ૭.૫ ટકા હતી. આ લિસ્ટેડ કંપનીઓની ૬.૪ ટકા વૃદ્ધિ કરતાં વધુ છે.આ આંકડો ૪,૨૩૧ અનલિસ્ટેડ અને ૩,૫૭૫ લિસ્ટેડ નોન-ફાઈનાન્શિયલ કંપનીઓ પર આધારિત છે. અનલિસ્ટેડ કંપનીઓ માટેનો ડેટા અમુક સમય પછી બહાર પાડવામાં આવે છે. અહીં ડિસેમ્બરના અંત સુધીના આંકડાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સંખ્યાનો લગભગ પાંચમો ભાગ છે જે સામાન્ય રીતે તમામ પરિણામો બહાર આવ્યા પછી સેન્ટરના ડેટાબેઝમાં ઉપલબ્ધ થાય છે. તેઓ વ્યાપકપણે વલણ સંકેતો તરીકે ગણી શકાય.

વૈશ્વિક આથક અને ભૌગોલિક રાજનીતિને કારણે માર્જિન માટે પડકાર રહેલો હોવાને કારણે ઓછા આત્મવિશ્વાસ અને ભંડોળના ઊંચા ખર્ચ સાથે ક્ષમતાનો ઉપયોગ ૭૫-૭૬ ટકાની આસપાસ છે. વર્તમાન વાતાવરણમાં મોટાભાગની કંપનીઓ રોકાણ વધારી રહી છે જે સેમિકન્ડક્ટર, બેટરી અથવા સોલાર પાવર જેવા નવા યુગના ક્ષેત્રોમાં છે.

ઉપભોક્તા ચીજવસ્તુઓ, વીજળી અને સેવાઓ (નાણાકીય ક્ષેત્ર સિવાય) આ વૃદ્ધિના મુખ્ય ચાલક છે. ઉપરોક્ત દરેક ક્ષેત્રે વાર્ષિક ધોરણે ૮ થી ૧૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. હવાઈ ટ્રાફિક અને સંબંધિત સેવાઓએ ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારને કારણે ચોખ્ખી સ્થિર અસ્કયામતોમાં વાર્ષિક ધોરણે ૫૮.૩ ટકાનો વધારો નોંધાવ્યો છે. અનલિસ્ટેડ સેક્ટરમાં કન્સ્ટ્રક્શન અને રિયલ એસ્ટેટ કંપનીઓએ પણ તેમના લિસ્ટેડ સાથીદારોને પાછળ રાખી દીધા છે.

# રાજુએ આંખનું કાજળ ગાલે ઘસ્યુ!

'ગિરધરભાઇ, આ સાંભળ્યું?' રાજુ રદીએ અઘરી પહેલી પૂછી. જેને ધડ કે માથું નહી. જેને હાથ કે પગ નહીં. વૈતાળ તો સારો કહેવાય. વૈતાળ શતપ્રતિશત અક્ષત લાઈવ મૃતદેહ હતો. જે બોલી શકતો હતો,હસી શકતો હતો. ગુજુ ગોરધનોને લગ્ન જીવનમાં આની જ છૂટ હોતી નથી! રાજુ રદી હાથમાં તપેલી લઈને સવાર સવારમાં અમારા ઘરે પધારેલ હતું. ખાંડ, ચા પતી, તેલ કે બેસન માંગવા માટે અમારી જેમ આડીતેડી પૃષ્ઠભૂમિ ઉભી કરી રહ્યો હતો.

' રાજુ. તારા સવાલો ક્યારે ખૂટશે? ' મેં કડકાઇ કમ કંટાળાથી સવાલ પૂછ્યો . રાજુ સવાર સવારમાં વિપક્ષી નેતાની જેમ સનસનાટી સર્જવાની કોશિશ કરી રહ્યો હતો.

' ગિરધરભાઈ. સમાચાર જ એવા છે કે તમારા પગ નીચેથી જમીન ખસી જશે!' રાજુએ વાતમાં પાછું સસ્પેન્સનુ મોણ નાંખ્યું.

' રાજુ એવું તો શું બન્યું? પેટ્રોલ ડિઝલ,ડુંગળી ,ડીઓ બટેટા, ટમેટાંના ભાવોએ નવો કીર્તિમાન રચ્યો? આકાશ શબ્દ ઓછો પડે તેટલા ભાવ વધ્યા ? ભાવ વધે એ આશ્ચર્ય ન કહેવાય. ગફલતથી ભાવ ઘટે તે આશ્ચર્ય કહેવાય' મેં રાજુને આશ્ચર્ય કોને કહેવાય તેની સમજૂતી આપી.

' ગિરધરભાઇ. તમે જેની કલ્પના કરેલ ન હોય તેની અછત કે દુષ્કાળ પડવાનો છે. હું તો કલ્પનામાત્રથી થરથરી ગયો છું' રાજુએ પહેલી ગાઢ કરી !

' રાજુ. મને ખબર છે કે આજીવન વાંઢા માટે લગ્ન કરવા માટે યુવતી મળશે નહીં એટલે થરથરી ઊઠ્યો છે!' રાજુને શાબ્દિક ચૂંટલી ખણી!

' ગિરધરભાઇ . તમને મજાક સૂઝે છે. હવે મારે તમને કહેવું જ પડશે કે બરફનો દુકાળ આવવાનો છે. બરફની પાટ તો સમજ્યા . પરંતુ બરફની છીણ કે કરચ મળશે નહીં! પોલીસને ગુનેગારને બરફની પાટ પર શર્ટલેસ શરીરે સુવડાવી થર્ડ ડિગ્રીનું ટોર્ચર કરવા માટે પણ બરફ મળશે નહીં. મોર્ગમાં મડદા સાચવવા બરફ કયાંથી મળશે?? ' રાજુએ પેપર ફોડ્યું .

'રાજુ. ગિફ્ટ સિટીમાં જઈ છાંટોપાણી કરી આવ્યો છે?ગઈ કાલે જ શહેરમા કંતાનમાં વીંટેલ બરફના સફેદ ચોસલા જોયા હતા. મારા ફ્રિઝમા બરફની ટ્રેમાં ભર શિયાળે બરફ પડ્યો છે! તો પછી બરફની અછત કે દુષ્કાળની વાત ક્યાંથી આવી? તું તપેલી લઈને શું લેવા આવ્યો છે?' મે રાજુને પૂછ્યું.

'ગિરધરભાઈ, હું બરફ લેવા આવ્યો છું.' રાજુએ સ્ટેટમ્ન્ટ ઓફ ઓબ્જેકટસ પ્રસ્તુત કર્યું.

' રાજુ. આ ભરશિયાળે બરફ લઇ જઇને શું કરીશ?' ફ્રિઝમાંથી બરફ કાઢીને રાજુનું બરફપાત્ર ભરતા મેં સવાલ કર્યો!

' ગિરધરભાઈ. આ બરફ થર્મોકોલના બોકસમાં સ્ટોર કરીશ. ઉનાળામાં કોલ્ડ ડ્રિંક, છાશ, શેરડીના રસમાં નાંખી ચિલ્ડ પીણા પીશ. બરફનો ભૂકો કરી એસેન્સ નાંખી બરફગોળો ચૂસીસ!' રાજુએ ઉનાળાનો કાર્યક્રમ એડવાન્સમાં જાહેર કર્યો!

' રાજુ તને ખબર છે કે રોમનો કુખ્યાત સમ્રાટ નીરો દૂરના પહાડોમાંથી બરફ મેળવતો હતો. તે તેમાં બ્લૂબેરી જેવા ફળો ઉમેરીને ખાતો હતો. માર્કો પોલો, તેરમી સદીમાં ચીનની પ્રસિદ્ધ યાત્રા પછી, ત્યાંથી 'વોટર આઈસ' માટેની રેસીપી પોતાની સાથે લાવ્યા હતા.એક જમાનામાં ભારતમાં બરફ બનાવવામા આવતો ન હતો. છતાં મુગલ શાસકો અને અંગ્રેજો તેના પયનાનામાં બરફના કયુબ નાંખીને ચિલ્ડ લાઈન ટકાવતા હતા. મુઘલો અને અંગ્રેજો જામ અને શરાબના પાગલ હતા. પરંતુ ભારતમાં તેના માટે સૌથી મોટી સમસ્યા ત્યારે આવી જ્યારે તેના પીણામાં બરફના ટુકડાની જરૂર હતી. મોગલોના સમયમાં હિમાલયથી આગ્રા સુધી બરફ લાવવામાં આવતો હતો. બરફ ઓછો પીગળે તે માટે જ્યુટથી ઢાંકીને પાંદડાઓથી લપેટીને લવાતો હતો.
'મે બરફનો ઈતિહાસ રજૂ કર્યો.

' ગિરધરભાઇ અંગ્રેજોની બરફની માંગ પૂરી કરવા માટે બોસ્ટોનિયન ઉદ્યોગપતિ ફ્રેડરિક ટ્યુડોરે એક ઉકેલ શોધી કાઢ્યો. ૧૮૩૩માં તેણે પોતાનું પ્રથમ બરફથી ભરેલું જહાજ કલકત્તા મોકલ્યું. તે મેસેચ્યુસેટ્સના તળાવોમાંથી ૧૮૦ ટન પ્રાચીન બરફથી ભરેલું હતું, લાકડાંઈ નો વહેરથી લપેટાયેલું હતું અને ડબલ-પ્લેન્ક કન્ટેનરમાં વહાણની પકડમાં મૂકવામાં આવ્યું હતું. મુંબઈમાં સન ૧૮૩૦થી ૧૮૭૦ના સમયમાં લક્ઝરી ચીજ તરીકે બરફની ખુબ માંગ હતી. આ માટે બરફની ન્યૂ ઈંગ્લેન્ડ અને ઉત્તર અમેરિકામાંથી આયાત કરાતી હતી. અંગ્રેજોને બરફ મેળવવાની આ પદ્ધતિ ખૂબ મોંઘી લાગી. તેમણે દિલ્હીમાં જ બરફ બનાવવાની વ્યવસ્થા કરી હતી. દિલ્હી ગેટથી તુર્કમાન ગેટ સુધી ખાઈ ખોદીને અને તેમાં મીઠાંવાળું પાણી ભરીને શિયાળામાં ટાટ અને ભૂસાની મદદથી બરફનો પોપડો તૈયાર કરવામાં આવ્યો હતો, જેને ઉનાળા સુધી ખાસ ખાડાઓમાં સુરક્ષિત રાખવામાં આવ્યો હતો.'રાજુએ બરફયાત્રા વિશે ઠંડી ઠંડી વાત શેર કરી રાજુ . બરફ બનાવવાનું મશીન ક્યારે શોધાયેલ?' મેં રાજુને કેબીસી જેવો સવાલ પૂછ્યો.

' ગિરધરભાઈ. ઓગણીસમી સદીમાં વેન પિયર્સ અને તેના સાથીઓએ ૧૪ માર્ચ, ૧૮૫૦માં રોજ બરફ બનાવતું મશીન બનાવ્યું હતું. જેમ્સ હેરિસને ૧૮૫૧માં પ્રથમ બરફ બનાવવાનું મશીન બનાવ્યું. મશીન બનાવવા માટે તેણેૌરીદ્રિદ્ટૅર્ષિદ્વૌજિર્જૅહનો ઉપયોગ કર્યો.ભારતમાં કલકતા અને મદ્રાસમાં બરફ બનાવવાની પ્રવૃત્તિ ફૂલીફાલી હતી.અલબત, રેફ્રિજરેટર જેને આપણે ફ્રિજ પણ કહીએ છીએ, તેની શોધ ૧૯૧૩ માં થઈ હતી. જે બાદ બરફ વેચવાનો ધંધો ઠપ્પ થવા લાગ્યો. હવે લોકો ઘરમાં તેમના રેફ્રિજરેટરમાં બરફ સ્ટોર કરવા લાગ્યા. 'રાજુએ અમિતાભની જેમ કોમ્પ્યુટર મહાશય પાસેથી પૂરક વિગતો મેળવી શેર કરી.

' રાજુ. તે શેના આધારે બરફનો દુકાળ પડવાનો છે તેવી ટીડા જોષી જેવી તિકડમ આગાહી કરી.

' ગિરધરભાઈ. બખડજંતર ચેનલમાં નોકરો કૂટો છો. છાપા બાપા વાંચો છો કે નહીં?' રાજુએ મને પાણીથી પાતળો કરી નાંખ્યો!

' રાજુ. પેપરમાં શું સમાચાર આવ્યા છે? . જે પેપરમાં સમાચાર પ્રગટ થયા હોય તે પેપર લાવ.' મેં રાજુ પાસે સોર્સ ઓફ ઈન્ફર્મેશન માંગ્યા .

' ગિરધરભાઈ. લો પેપરનું પંદરનું પાનું .ડાબી બાજુ બરફનો દુકાળ, જૂની સમસ્યા, નવી ચિંતા, અમેરિકા યુરોપમાં બરફ પીગળી રહ્યો છે તેવા સમાચાર પ્રકાશિત થયા છે!' રાજુએ મારા તરફ પેપર સરકાવ્યું. વિશ્વ વિજેતા સિકંદરની અદાથી હું પરાજિત પોરસ રાજા હોય તેમ જોવા માંડ્યો!

' રાજુ. 'આંધળો સસરો ને સરંગટ વહુ, એમ કથા સાંભળવા ચાલ્યું સહુ.કહ્યું કાંઈ ને સમજ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.' અખાના છપ્પા જેવું કર્યું ..છાપામાં જે બરફના સમાચાર છે તે બરફ ખાવાનો બરફ નથી. પરંતુ, સહેલાણીઓ બરફના ગોળા બનાવીને એકમેક પર ઉડાડે છે તે બરફની વાત છે.આ સમસ્યા અમેરિકા કે યુરોપની નથી. આપણે ત્યાં ઉતરાખંડ અને હિમાલયમાં બરફ વર્ષા થઇ નથી અને બરફ પિગળી રહ્યા છે એટલે બરફાચ્છાદિત પર્વત ગંજા માનવાની કેશલેસ મસ્તક સમાન લાગે છે તે ઈકોલોજીકલ,.એન્વાર્યમેન્ટલ સમસ્યાના સમાચાર છે!
'હે હે હે' રાજુ રદી બરફની પાટ જેવું મોઢું કરીને મારા ઘરેથી મુઠીઓ વાળીને નાસી ગયો!

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારની ઘટનાઓ સાંપ્રદાયિક નહીં રાજકીય હતી : યુનુસ સરકાર



બાંગ્લાદેશ સરકારે ફરી એકવાર હિન્દુઓ પરના હુમલાઓને અવગણવાનો પ્રયાસ કર્યો છે. બાંગ્લાદેશી સરકારે હિન્દુ લઘુમતીઓ પરના હુમલાઓને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે. પોલીસ રિપોર્ટને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે હુમલાઓ સાંપ્રદાયિક નહોતા. બાંગ્લાદેશ પોલીસે હિન્દુ લઘુમતી સમુદાયના લોકોને સંપર્કમાં રહેવા અને સાંપ્રદાયિક હિંસાની સીધી ફરિયાદો મોકલવા માટે એક વોટ્સએપ નંબર બહાર પાડ્યો છે. વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસની પ્રેસ શાખાએ એક નિવેદન બહાર પાડીને આ માહિતી આપી હતી. યુનુસ સરકારના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પોલીસે બાંગ્લાદેશ હિન્દુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા પરિષદ દ્વારા કરવામાં આવેલા દાવા બાદ આ તપાસ હાથ ધરી હતી. દાવા મુજબ અનામત વિરોધી આંદોલન વચ્ચે પદભ્રષ્ટ શેખ હસીનાના ગયા વર્ષે ૫ ઓગસ્ટે દેશ છોડી ભાગી જવાના એક દિવસથી પહેલાથી લઈને ચાલુ વર્ષે આઠ જાન્યુઆરી સુધી કોમી હિંસાની ૨,૦૧૦ ઘટનાઓ બની હતી. આ ઘટનાઓમાંથી ૧,૭૬૯ હુમલા અને તોડફોડ સાથે સંબંધિત હતી અને પોલીસે અત્યાર સુધીમાં દાવાઓના આધારે કુલ ૬૨ કેસ નોંધ્યા છે અને તપાસના આધારે ઓછામાં ઓછા ૩૫ આરોપીઓની ધરપકડ કરી છે. જોકે, નિવેદનમાં એવો દાવો કરાયો છે કે તપાસ જણાવે છે કે મોટાભાગના કિસ્સાઓમાં હુમલાઓ સાંપ્રદાયિક સ્વભાવના નહોતા પરંતુ રાજકીય રીતે પ્રેરિત હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે ૧,૨૩૪ ઘટનાઓ રાજકીય હતી. જ્યારે ૨૦ ઘટનાઓ સાંપ્રદાયિક હતી અને ઓછામાં ઓછા ૧૬૧ દાવા ખોટા કે બનાવટી હતા. નિવેદન અનુસાર, કાઉન્સિલના દાવા મુજબ, ૫ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ જ્યારે હસીના સરકારને સત્તા પરથી દૂર કરવામાં આવી ત્યારે ૧,૪૫૨ ઘટનાઓ (કુલ ઘટનાઓના ૮૨.૮ ટકા) બની હતી. ૪ ઓગસ્ટના રોજ ઓછામાં ઓછી ૬૫ ઘટનાઓ બની હતી

## મહુવાના કુબેરબાગમાં આડેધડ પાર્કિંગની સમસ્યાથી વાહનચાલકો ગળે આવી ગયા



મહુવા : મહુવા શહેરના હાર્દ સમાન કુબેરબાગ વિસ્તારમાં રસ્તા ઉપર આડેધડ પાર્કિંગ અને રસ્તા ઉપર માલસામાનના થડકલા ખડકી રાખવાની સમસ્યાથી વાહનચાલકો ગળે આવી ગયા છે. ખાસ કરીને આ વિસ્તારમાં હોસ્પિટલો આવેલી હોય, દર્દીઓને લઈને આવતા ઈમરજન્સી સેવાના વાહનોને પસાર થવામાં હાલાકી વેઠવી પડી રહી છે.મહુવાના કુબેરબાગ વિસ્તારને ડોક્ટર હાઉસ કહીં શકાય તેમ છે. આ વિસ્તારમાં ઘણી હોસ્પિટલો આવેલી છે. જેથી એમ્બ્યુલન્સ સહિત ઈમરજન્સી સેવાના વાહનોની સતત અવર-જવર રહે છે. પરંતુ અહીં કન્સ્ટ્રક્શનના કામો ચાલતા હોવાથી રસ્તા ઉપર સીમેન્ટ, કપચી, રેતી વગેરે મટીરિયલ્સ તેમજ બાંધકામને લગતા સાધનો રસ્તા ઉપર જ પડયાં રહે છે. તેમજ બિલ્ડરોના વાહનો પણ રોડ વચ્ચે જ પાર્ક કરેલા રાખવામાં આવતા હોવાથી નાના-મોટા વાહનચાલકો, ઈમરજન્સી સેવાના વાહનો વગેરેને પસાર થવામાં હાલાકીનો સામનો કરવો પડે છે. આડેધડ વાહન પાર્કિંગ કરતા લોકોને તંત્રનો કોઈ ડર જ ન હોય તેમ નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. આ કારણે અહીં ટ્રાફિક સમસ્યા કાયમી બની છે. તેમ છતાં નગરપાલિકા અને પોલીસ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. હોસ્પિટલોથી ધમધમતા કુબેરબાગ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા નગરપાલિકા તંત્રએ બાંધકામને લગતા માલસામાનનો રસ્તા ઉપર રાખનાર લોકો સામે તેમજ રસ્તા ઉપર મનફાવે તેમ વાહન પાર્ક કરનારા વાહનચાલકો સામે પોલીસ વિભાગે દંડનિય કાર્યવાહી કરવી જોઈએ તેવી લોકોમાં માંગણી ઉઠી છે.

## જામનગરમાં વિદેશી દારૂ ઝડપાયો, બુટલેગરે કારના ચોર ખાનામાં જથ્થો સંતાડ્યો

જામનગરમાં એલસીબીની ટીમે વિદેશી દારૂ સાથે એક બુટલેગરને ઝડપી લીધો હતો. આ બુટલેગર ધ્રોળના સોયલ ટોલનાકા પાસેથી કારમાં દારૂનો જથ્થો છુપાવીને જામનગરમાં ઘુસાડવાનો હતો. પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી આ કારચાલકને પકડી પાડ્યો હતો. કારની પાછળની સીટમાં બનાવેલા ચોર ખાનામાંથી વિદેશી દારૂની ૭૮ બોટલનો જથ્થો કબજે કર્યો હતો.

જામનગરના શાંતિનગરમા રહેતા બુટલેગર રવિરાજસિંહ જાડેજા કારમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવીને રાજકોટથી જામનગર લાવી રહ્યો હતો. આ અંગેની ચોક્કસ બાતના આધારે શનિવારે (૧૧મી જાન્યુઆરી) સાંજે ધ્રોળના સોયલ ટોલનાકા નજીક પોલીસે વોચ ગોઠવી હતી. ત્યાંથી કાર પસાર થતાં તેને અટકાવીને તપાસ કરી હતી. કારમાંથી વિદેશી દારૂની ૭૮ બોટલ મળી આવી હતી. પોલીસે કાર તેમજ મોબાઈલ ફોન સહિત રવિરાજસિંહ જાડેજાની અટકાયત કરી હતી અને દારૂ બંધી ભંગ અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથી ધરી હતી.

## ગાંધીધામમાં યુવાનને ઓનલાઈન વેપારમાં નફાની લાલચ આપી ૨૨.૬૮ લાખની ઠગાઈ




ગાંધીધામ: ગાંધીધામનાં યુવાનને ઓનલાઈન વેપારમાં વધુ નફો કમાવવાની લાલચ આપી અજાણ્યા ઈસમોએ તેના મોબાઈલ ફોન પર લિંક મારફતે એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી.જેમાં એપ્લિકેશનમાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ અલગ અલગ ખાતામાં યુવાન પાસેથી કુલ ૨૩.૦૮ લાખ રૂપિયા જમા કરાવી બદલામાં ૩૯ હજાર રૂપિયા પરત આપી અને બાકીનાં ૨૨.૬૮ લાખ રૂપિયા પરત ન આપી યુવાન સાથે ઠગાઇ કરતા પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. ગાંધીધામના સેકટર- ૭માં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા લક્ષ્મણ ગાભાભાઈ ગચાએ ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદીને ગત ૨૯ નવેમ્બર ૨૦૨૪નાં તેમનાં મોબાઈલ પર એક અજાણ્યા વોટસેએપ નંબર પરથી સ્વર્ણા રાજેશ નામની મહિલાએ મેસેજ કરી હેલ્જબર્ગ ડાયમંડ નામની એપ્લીકેશન પર ઘર બેઠા રૂપિયા કમાવવાની લાલચ આપી હતી. જેમાં અજાણી મહિલાએ ફરિયાદીને ડાયમંડ જવેલરીના ટેન્ડરમાં વેચાણ કરવા અને એપ્લીકેશનમાં પ્રોફિટ અપાવવાની લાલચ આપી ફરિયાદીને વિશ્વાસમાં લઇ તેના પાસે મોબાઈલમાં એપ ડાઉનલોડ કરાવી તેમાં ફરિયાદીનાં નામનું રજીસ્ટ્રેશન કરાવી અને ફરિયાદીને એપમાં બાય અને ડિપોઝીટનું ટ્રેડિંગ કરતા શીખવાડી તેમાં વધુ રૂપિયા કમાવવાની લાલચ આપી હતી. જેમાં ફરિયાદીએ પ્રથમ એક હજાર રૂપિયા નાખી ટ્રેડિંગ ચાલું કરતા ફરિયાદીને પ્રથમ ૮ હજાર રૂપિયાનું નફો મળ્યો હતો. જેથી ફરિયાદી લાલચમાં આવી અને એક અજાણ્યા નંબર પરથી આવેલા દિલ્હીનાં શખ્સે ફરિયાદીને જણાવ્યા મુજબ ફરિયાદીએ એપમાં બતાડેલા અલગ અલગ ખાતામાં પોતાના કુલ રૂ. ૨૩,૦૮,૪૧૦ જમા કરાવી દીધા હતા. રૂપિયા જમા કરાવ્યા બાદ એપ માંથી કુલ રૂ. ૩૯,૫૮૭ રૂપિયા વિડ્રોલ થયા હતા જયારે બાકીનાં કુલ રૂ. ૨૨,૬૮,૮૨૩ વિડ્રોલ થયા ન હતા અને મોબાઈલમાં એપ્લિકેશન બંધ થઇ ગઈ હતી. જેથી ફરિયાદીએ ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકે બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી.

## હું ચુંટણી લડતો હોતતો ટ્રમ્પને હરાવી દીધા હોત,બાયડેનનો દાવો

ન્યૂયોર્ક,

૨૦ જાન્યુઆરીના રોજ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખનું પદ સંભાળી રહયા છે તેમણે ડેમોક્રેટિક પાર્ટીના કમલા હેરિસને હરાવ્યા હતા. વર્તમાન રાષ્ટ્રપતિ જો બાયડેનના સ્થાને છેલ્લી ઘડીએ ડેમોક્રેટ પાર્ટીએ કમલા હેરિસને ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા. જૂન ૨૦૨૪માં એટલાન્ટામાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો વચ્ચે ડિબેટ થઇ જેમાં બાયડેનનું પ્રદર્શન સારું ન હતું. ત્યાર પછી ડેમોક્રેટ પાર્ટીએ રાષ્ટ્રપતિ પદની ચુંટણીમાંથી હટાવી લેવાનું નકકી કર્યુ હતું.

ટ્રમ્પે સૌની ધારણા કરતા પણ સારા માર્જીનથી જીત મેળવીને બીજી વાર વ્હાઈટ હાઉસની એન્ટ્રી પાકી કરી લીધી હતી. જો બાયડેન થોડાક દિવસમાં જ વિદાય લઇ રહયા છે. વિદાય લઇ રહેલા બાયડેને દાવો કર્યો છે કે જો ટ્રમ્પ સામે ચુંટણી જંગમાં હોતતો હરાવી દીધા હોત. વ્હાઈટ હાઉસમાં મીડિયાકર્મીઓ સાથેના સંવાદમાં પુછાયેલા સવાલનો જવાબ આપી રહયા હતા.

શું તમે ચુંટણી ના લડયા તેનો રંજ છે ? તમને એવું લાગે છે કે આપે ટ્રમ્પને ઉતરાધિકારી બનવાની સરળ તક આપી દીધી ? બાયડેન આ સવાલનો જવાબ આપતા જણાવ્યું હતું કે મને એવું લાગે છે કે હું ટ્રમ્પને હરાવી દીધા હોત. હરાવી શકું તેમ હતો.મને લાગે છે કે કમલા હેરિસ પણ ટ્રમ્પને હરાવી શકે તેમ હતી. પાર્ટીમાં એકતા જળવાઈ રહે તે માટે ચુંટણીમાંથી ખસી ગયા હતા. હું આગળ વધી શકીશ કે નહી તે બાબતે પાર્ટીમાં ચિંતા હતી. જો કે મને એમ હતું કે હુ ફરી જીતી શકું છું.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**Nog Sso No: 229**
વિષય : ઉત્તરાયણ શિર્ષકઃ પચરંગી પતંગોની ઉમંગી ઉત્તરાયણ
પ્રકાર : પદ્ય શબ્દોઃ ૧૫૦

મકરસંક્રાંતિનું બીજું નામ ઉત્તરાયણ,સૂર્ય ગતિદિશા બદલી કરતો રહે પ્રયાણ,કાળાધોળા રાતાને પીળા, પૂરતા પવને પતંગ સરકતા,સોનેરી રૂપેરીને લીલા રંગીલા, નભમાં અનેક રંગના પતંગો ચગતા;

મકાનના છાપરે ધાબે મેદાનમાં, પતંગના પેચે આવી જાતાં તાનમાં,ઉતરાયણે નભમાં હોય પતંગોનો જમેલો,હેલે ચઢેલો જાણે તરણેતરનો મેળો;

પાવલો,ઘેંશિયો,માથેદાર,પટેદાર,ઢાલ,ફૂદીનેપુંછડીઓ, ચાંદેદાર,પ્રકારો પતંગના ભલે હોય અનેક પણ, ઉતરાયણનો તહેવાર સદા હોય મજેદાર;

ગગનમાં મોજીલો પતંગ જાણે સરતો,હવાની ગતિએ ઉંચે ઉડાન ભરતો,ક્યારેક ગોત મારી તકલીફમાં તે આવતો, ઢીલખેંચની રમતો મોજથી રમતો;

નાણાં,કપડાં સાથે, ભોજનનું રૂડું દાન,પુણ્ય કરીને સર્વે થઈ જાતાં મહાન,શીંગપાક, જલેબીને ઊંધિયાની ઉજાણી,શેરડી સંગે બોર, જામફળ કચોરી ખવાણી;

મળતાં હવા પૂરતી પતંગ ઉંચે જ જાતો, પેચે કપાતાંવેંત નીચે આવતો,માણી સ્વર્ગનું સુખ,તમે ખુશીએ હરખાઓ,જીવને દુઃખ આવતાં,કદી નિરાશ ન થાઓ;

કહે"પ્રપાશી" જીવન,પતંગ સમાન છે, સુખેથી પ્રેમપવને ઉડજો, શાણું જીવન સમજીને જીવજો,હિંમત રાખીને જગમાં કદી ન ગભરાજો.
"પ્રપાશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 175**
વિષય :- ઊત્તરાયણ
શિર્ષક :- લાડલી પતંગ
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૮૨

લાડલી પતંગ
★★★★★★★★★★★★★
રંગાયું છે આકાશ આજ રંગબેરંગી પતંગો થી,
છવાયો છે સર્વત્ર ઉમંગ રંગબેરંગી પતંગો થી.

થાક્યો છે સૂરજ દક્ષિણની મહેમાનગતિ થકી,
હૈયા ગરમાશે ઊંચે આકાશે ઉડતી પતંગો થી

લાંબી રાતો થશે ટુંકી સૂરજ ઉતર અયન થકી,
ના કરો હરીફાઈ ખગ ને સંગ ઉડતી પતંગો થી.

માણે લિજ્જત સહુ ઉંધીયું ચીક્કી તલ લાડુની,
હરખાવો હરખે રંક ને ભરી ને ઝોળી પતંગો થી.

ક્યાંક મળે છે પેચ ને કપાય છે વિશ્વાસની દોરી,
લાડલી છે મને કટીપતંગ વ્યોમે ઉડતી પતંગો થી.
કિરીટકુમાર પી.વાઘેલા(સરતાજ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO. : 0059**
વિષયઃ મકર સક્રાન્તિ
પ્રકારઃ હાઈકુ પાચ.

ઉતરાયણ
વર્ષમા એકવાર,
યાદ કાયમ !

મેઘ ધનુષ
અને પતંગ, રંગે
નભ એકદિ !

વિંધાય અને
કપાયછે તોપણ
રહે મોજમા !

બાળ યુવાન
પ્રોઢ ને વૃધ્ધ, ખૂશ
ઉતરાયણ !

પાંખ ને આંખ
વગર, નભે ઊડે
પ્યારે પતંગ!

લેખક જયકાન્ત ઘેલાણી. પ્યારે,

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO: 376***
વિષયઃ મકરસંક્રાંતિ★
શીર્ષકઃ ઉતરાયણની વાસ્તવિકતા★
પ્રકાર : ગદ્ય શબ્દોઃ ૩૧૩★

ફક્ત કહેવા ખાતર ઉતરાયણ બે દિવસની હોય છે બાકી કાપા કાપી તો બધા આખું વરસ કરે જ છે. તું મારી કાપ ને હું તારી કાપું. પતંગ કહે છે કે હું ગમે તેટલી ઊંચાઈએ પહોંચુ પણ મારા દોર અને અંત તો ધરતી જ છે. તો માનવીએ પણ સમજવું જોઈએ કે તું પણ કોઈ અભિમાન ના કર તારો અંત પણ એક જમીન જ છે.

આપણે જીવનમાં પણ હંમેશા પ્રેમરૂપી પતંગ ઉડાડવો જોઈએ અને એકબીજા પ્રત્યે પ્રેમ પણ રાખવો જોઈએ. આપણે હંમેશા એકબીજાનો નફરતનો પેચ કાપવનો છે કોઈના સરળ સ્વભાવનો નહિ ને તો જ જીવનમાં મધુરતા રહેશે અને સંબંધ એટલો મધુર બનાવજો કે જે દોરી જેટલો લાંબો હોય. ઘણી વખત માણસોમાં પણ એવું જોવા મળે છે. જરા ચગે, કપાય અને લૂંટાય. તો માણસમાં અને પતંગમાં પણ સરખાપણું જોવા મળે છે. એટલે કે, માણસ પણ પતંગ જેવો નીકળે છે. થોડીવાર હવા શું લાગી ને ઉડવા લાગ્યો તો આવું આપણે ક્યારેય કરવું નથી. હંમેશા આપણા સંબંધમાં મધુરતા રહે પ્યાર રહે એવો આપણે સંબંધ બનાવવાનો છે.

જિંદગી પણ એક પતંગ જેવી જ છે. દરેકને મનગમતું આકાશ ઉડવા માટે નથી મળતું જે મળ્યું છે તેમાં આનંદ લેવો અને એનું જ નામ ઉતરાયણ. હા, સાથે સાથે અબોલા પક્ષી પ્રત્યે પણ થોડો દિલમાં પ્રેમ રાખજો. આપણે જેટલા આનંદથી બોલીએ છીએ કે, "કાપ્યો જ છે.. કાપ્યો જ છે." પણ એકવાર ઘાયલ થયેલા પક્ષીઓને જોઈને વિચારજો કે આપણે પતંગ કાપ્યો છે કે આ અબોલા પક્ષીઓની પાંખો, આંખ કે ગરદન કાપી છે. શું તમે ઈચ્છો છો કે તેનું મોત થાય? શું આપણે એટલા સ્વાર્થી છીએ? ને હા, જો તમને ધ્યાનમાં આવે કે કોઈ પક્ષી ઘાયલ થયું છે અને જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યું છે તો તમે એને તાત્કાલિક સારવાર આપજો. હું તમને એક કોન્ટેક્ટ નંબર આપું છું તેમનો સંપર્ક કરજો. (૧) ૯૬૯૭૬૦૧૦૦૮ (૨) ૯૬૯૭૬૧૧૦૦૮ બસ, આપ સર્વેની સફળતાનો પતંગ ઊંચે ને ઊંચે ઉડતો જાય એવી ઉતરાયણ નિમિત્તે સૌને હાર્દિક શુભકામનાઓ.

અપેક્ષા શાહ ..અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0101**
વિષયઃ મકરસંક્રાંતિ/ ઉત્તરાયણ
શીર્ષક : મકરસંક્રાંતિ પાવન પર્વ
પ્રકાર : ગદ્ય લેખ શબ્દો :૩૧૯

સંપૂર્ણ વિશ્વમાં ભારત દેશ તેની સંસ્કૃતિ, સભ્યતા, ધાર્મિક પર્વની ઉજવણીઓને કારણે વિશિષ્ટ છે.
દરેક મહિનામાં કોઈને કોઈ તહેવાર હોય જ છે.
સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ એટલે મકર સંક્રાંતિ. સનાતન ધર્મનું આ પાવન પર્વ છે. આ દિવસથી સૂર્યની ઉત્તરાયણ ગતિ શરૂ થાય છે. ભારતના જુદાં જુદાં પ્રદેશોમાં અલગ અલગ રીતરિવાજ અને નામથી મનાવવામાં આવે છે.
તામિલનાડુમાં તે પોંગલ સ્વરૂપે, ઉત્તરાખંડમાં ઘુઘુતી, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં સંક્રાંતિ, પંજાબ અને હરિયાણામાં લોહડી, આસામમાં બીહુ અને ગુજરાતમા પતંગોત્સવ તરીકે મનાઈ છે.
મકર સંક્રાંતિને પતંગ ઉત્સવ અથવા પાક લણણીના તહેવાર તરીકે પણ ઉજવવામાં આવે છે.
આ દિવસે સૌ સૂર્યદેવની પૂજા કરે છે, ગોળ અને તલની બનેલી ચીકી ખાવાની પરંપરા છે.
આ વર્ષે પંદર જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મકર સંક્રાંતિ ઉજવવામાં આવી. આ તહેવારનું આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મહત્વ છે. આ દિવસથી ધીરે ધીરે રાત નાની અને દિવસ મોટો થતો જાય છે.
મકર સંક્રાંતિ ભારતવર્ષમાં ખૂબ ઉમંગ ઉલ્લાસથી મનાવવામાં આવે છે.તેમાં ગંગા સ્નાનનું પણ અનેરું મહત્વ છે.
એવી માન્યતા છે કે આ દિવસે ભગવાન સૂર્યદેવ તેમના પુત્ર શનિને મળવા તેનાં ઘરે જાય છે. કારણ શનિ મકર રાશિનો સ્વામી છે. તેમજ મકર સંક્રાંતિને દિવસે જ ગંગાજી ભગીરથની પાછળ પાછળ ચાલીને કપિલમુનિના આશ્રમ થઈને સાગરને જઈને મળી હતી. ભગીરથના પૂર્વજોને ગંગાજલના સ્પર્શથી મુક્તિ મળી હતી. આ માન્યતાને કારણે જ મકરસંક્રાંતિમાં ગંગા નદીમાં સ્નાન કરવાની પરંપરા છે.
એક બીજી કિવદંતી મકર સંક્રાંતિને મહાભારત સાથે જોડે છે. કુરુક્ષેત્રના યુદ્ધ સમયે કૌરવ સેનાના સર્વોચ્ચ સેનાપતિ ભીષ્મ પિતામહ પાંડવ રાજકુમાર અર્જુન દ્વારા તીરોથી ઘાયલ થઈ બાણશૈયા પર ઉત્તરાયણની શરૂઆત સુધી જીવને રોકી રાખ્યો હતો. અને ઉત્તરાયણ શરૂ થતાં દેહનો ત્યાગ કરી મોક્ષની પ્રાપ્તિ કરી હતી.
સનાતન ધર્મ શાસ્ત્ર પ્રમાણે મકર સંક્રાંતિથી શુભ કાર્ય જેવા કે વિવાહ, ગૃહ પ્રવેશ વગેરેની શરૂઆત થાય છે.
આજની ભાગદોડની જિંદગીમાં એનું મહત્વ ઓછું થતું જાય છે. પતંગોત્સવ વખતે તેના દોરામાં આકાશમાં ઉડી રહેલાં પક્ષીઓ ઘાયલ થાય છે કે મોતને દ્વારે પહોંચી જાય છે. તથા રસ્તે જતાં રાહગીરના ગળામાં કાચનો માંજો ઘસાતાં જીવલેણ બને છે. આ બાબત સચેત રહી આપણે આનંદ ઉલ્લાસ સાથે સાવચેતીથી, દર વર્ષે મકરસંક્રાંતિના પર્વની ઉજવણી કરીએ.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 219**
વિષય : ઉત્તરાયણ
શીર્ષક : ★જીવનનો સંદેશઃ ઉત્તરાયણ★
પ્રકાર :
આભાર - નિહારીકા રવિયા લઘુમોટીવેશન.શબ્દ સંખ્યા : ૨૩૭

ઉતરાયણનું પર્વ માત્ર પતંગબાજીનો જ ઉત્સવ નથી, તે જીવનના વિકાસ અને નવી શરૂઆતનું પ્રતીક છે. પતંગ ઉડાવતી વખતે આપણે જે અનુભવીએ છીએ તે જીવનના અનેક પાઠો આપે છે. આ પર્વ આપણને આશાવાદ, સંકલ્પશક્તિ અને પ્રગતિ તરફ આગળ વધવાની પ્રેરણાદાયી સંદેશ આપે છે.

જ્યારે પતંગને દોરી સાથે આકાશમાં ઉડાવીએ છીએ, તે સમયે અમે જાણીએ છીએ કે ઊંચી ઉડાન ભરવા માટે મજબૂત આધાર આવશ્યક છે. જીવનમાં પણ અમારી દોરી જેવી મૂલ્યો, મજબૂત ઈચ્છાશક્તિ અને સંસ્કારો આપણા વિકાસ માટે આધારરૂપ બને છે.

ઉતરાયણનો આ અવકાશ સતત યાદ અપાવે છે કે સૂર્ય ઉત્તર દિશામાં આગળ વધે છે, જે નવી શરૂઆત, તેજસ્વિતા અને આશાનું પ્રતીક છે. આ તહેવાર આપે છે કે જીવનમાં કંઈક નવું શરૂ કરવાનું ક્યારેય મોડું થતું નથી.

પતંગ ઊંચે ઉડે છે, પરંતુ પવનની દિશામાં બદલાવ આવે છે ત્યારે તે ઝૂકી પણ જાય છે. એ જ રીતે, જીવનમાં પડકારો આવતા રહે છે, પરંતુ જો ધીરજ અને સંકલ્પશક્તિ રાખીએ, તો ફરીથી ઊંચે ઉડવા માટે તૈયાર થઈ શકીએ.

આ પર્વ આપણને શીખવે છે કે સ્પર્ધા પણ જીવનનો એક ભાગ છે. જ્યારે આપણે બીજા પતંગ સાથે લડાઈ કરીએ છીએ, ત્યારે ઘણીવાર પોતાનું ધ્યેય ચૂકી જઈએ છીએ. જીવનમાં તમારું ધ્યેય સ્પષ્ટ હોવું જોઈએ. તમારી મસ્તી અને જીવનજ્ઞાન સાથે આગળ વધતા રહો.

★ સંદેશઃ-★
ઉતરાયણના પવન સાથે આશાના નવા પંખ ફેલાવો. જીવનમાં સૂર્યની જેમ તેજસ્વી બનીને ઊંચે ઉડવાનું શીખો. જ્યાં સુધી તમારી દોરી મજબૂત છે, તમારી ઉડાનને કોઈ અટકાવી શકે નહીં. જીવનમાં નવી શરુઆત માટે આ દિવસે પ્રેરણા મેળવો અને હંમેશા આગળ વધતા રહો.

નયના જે.સોલંકી..આંખો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0092**
વિષય - મકરસંક્રાંતિ
શિર્ષક - ચગવું તોય ના ડગવું
પ્રકાર - પદ્ય. શબ્દ - ૧૪૯

સૂરજની મકરમાં,
પધરામણી થઈ રહી છે.
વાયરાઓની મીઠી લહેર,
મૃદુતાથી સ્પર્શી રહી છે.

આકાશમાં પતંગોની,
મહેફિલ જામી રહી છે.
એંધાણીઓ વાત કહી રહી છે,
જોને ઉત્તરાયણ આવી રહી છે.

સમાંતર કિન્નાથી પતંગ,
અદભૂત સંતુલન રાખી રહી છે.
જીવનના મર્મને સરળતાથી,
સમજાવી રહી છે.

ઋતુના ફેરફારની છડી પોકારી રહી છે,
પૌષ્ટિક વાનગીઓનો રસથાળ લાવી રહી છે.
યુવા હૈયાઓની નજરના પેચ લડાવી રહી છે,
જોશ હૈયાના કિકિયારીમાં બદલી રહી છે.

નભને આંબવાના અભરખાને પાનો ચઢાવી રહી છે,
વાયરો અનુકૂળ હોવો જરૂરી એ સમજાવી રહી છે.
એકલા પંડે નભમાં વિહરવું ને પેચ કાપવા અઘરું બતાવી રહી છે,
ફિરકી પકડનાર અંગતની જરૂર બતાવી રહી છે.

પેચ કાપવા ઢીલની એ રણનીતિ શીખવી રહી છે,
સુરજના તાપથી આરોગ્યની લ્હાણી કરી રહી છે.
એક બીબાઢાળ જીવનને વિવિધતા આપી રહી છે,
જોને ઉત્તરાયણ આવી રહી છે.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:384**
વિષય : મકરસંક્રાંતિ
શીર્ષક :જીવન એક ઉતરાણ
પ્રકાર : ગદ્ય શબ્દો :૧૨૩
રંગ લાગ્યો છે અનેરો ....
દોરી પકાઈ ગઈ છે....
ફીરકી મારી પાસે છે ....
ઢીલ બરાબર છોડી છે....
એ ..એ ..એ કાયપો છે.....
જીંદગી ની પેચ બરાબર લાગી છે....
પણ ત્યાં તો કપાયો પતંગ મારો ...
લુંટાયો પતંગ મારો ...
હું તેને ઓળખ્યા વગર પેચ લડાવી રહ્યો હતો ..
મને પછી પસ્તાવો થયો મારી દોરી તો પરવરદિગાર ના હાથમાં હતી ...
હવે , આ જીંદગી ના પતંગને ગસીને કાપવો કે ઢીલ છોડીને.
આ આખી વાત માં હું લાચાર છું .
આ જીવન ની ઉતરાણ માં ચઢાણ ઉતરાણ ઘણા છે .
ખુદા ઢીલ મુકે તો જ આપણો પતંગ ચગી શકે ...

-ડો સતીશ પટેલ
(પ્રકૃતિ રક્ષક )

# કેશોદમાં તાંત્રિક વિધિના નામે મહિલા સાથે દુષ્કર્મ, ભૂવા સામે નોંધાઈ ફરિયાદ

જૂનાગઢના કેશોદમાં તાંત્રિક વિધિના નામે એક શખસે મહિલા પર દુષ્કર્મ આચર્યું અને માર મારવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સમગ્ર ઘટના મામલે મહિલાએ પોલીસને જાણ કરતા કેશોદ પોલીસે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી.મળતી માહિતી મુજબ, જૂનાગઢના કેશોદ તાલુકાના પંચાલા ગામની મહિલા પર તાંત્રિક વિધિના નામે પંચાળા ગામના રણજીત પરમાર નામના શખસે મારામારી કરીને દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ બાદ પોતાના પરિવારમાં જાણ કરી હતી અને કેશોદની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચ્યા હતા. ત્યારબાદ સમગ્ર ઘટનાને લઈને કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર ઘટના અંગે પીડિતાએ જણાવ્યું હતું કે, ‘ગત શુક્રવારના સવારે ૮:૩૦ વાગ્યે અમે મજૂરી કામ માટે જઈ રહ્યા હતા, ત્યારે રોડ પર એ વ્યક્તિ ભેગા થયા હતા. જેમાં અન્ય મહિલાઓ પણ કઈક પૂછતી હતી, એટલે મે પણ આ વિધિ વિશે પૂછ્યું હતું અને પોતાના ઘરમાં સુખ-શાંતિ અને ધંધામાં વૃદ્ધિ માટે તાંત્રિક વિધિ કરવાની ઈચ્છા વાત કરી. આ પછી તાંત્રિક વિધિનું કહીને એ વ્યક્તિ મારા ઘરે આવીને દિવો પ્રગટાવ્યો અને દરવાજો બંધ કરીને મને ઢોર માર માર્યો, પછી મારી પર દુષ્કર્મ કરીને તે જતો રહ્યો...‘

# ગારિયાધાર-રાજકોટ રૂટ પરની સવારની એસ.ટી. બસ બંધ કરાતા પ્રવાસીમાં હાલાકી

દામનગર : ગારિયાધાર-રાજકોટ રૂટ પર ચાલતી વ્હેલી સવારની એસ.ટી. બસ બંધ કરાતા પેસેન્જરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હોય જે સંદર્ભે શાખપુર ગામના સરપંચે ભાવનગર એસ.ટી. ડીવીઝન સમક્ષ રજૂઆત કરાઈ છે.

દામનગર ગારિયાધાર ડેપોનો અંધેર વહીવટ ગારીયાધાર ડેપોની વર્ષો જૂની ચાલતી ગારીયાધાર રાજકોટ વહેલી પાંચ વાગ્યાની બસ ચાલુ હતી જે નાની વાવડી શાખપુર પાંચ તલાવડા કણકોટ પાડરસીગા અને નાના રાજકોટ દામનગર પંથકનાં ગામડાનાં પેસેન્જરો આ બસ આશીર્વાદરૂપ હતી પણ ગારીયાધાર ડેપોના અવારનવાર અણઘણ વહીવટથી જ્યારે ફોન કરવો અથવા રજૂઆત કરો ત્યારે ડ્રાઈવર - કંડકટરની ઘટ હોવાનો જવાબ




આપીને ગારીયાધાર રાજકોટ રૂટ કાપી નાખવામાં આવે છે અને હાલ આ બસ બંધ છે જેથી જેની રજૂઆત ભાવનગર એસ.ટી. ડિવિઝન અને વાહન વ્યવહાર મંત્રી સમક્ષ શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણે આ ગારીયાધાર રાજકોટ બસ વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

# ચાલો.....જુનાગઢ ચાલો.....જુનાગઢ

??અમરેલીની ગરીબ ઘર ની દીકરી જે ટાઈપીસ્ટની નોકરી કરતી હતી તો ટાઈપ કરવા જેવી બાબત મા તેના ઉપર પોલીસ કેસ કરી એક નાની કુંવારી દીકરીનું એક ક્રિમિનલ આરોપીની જેમ જાહેર મા સરઘસ કાઢ્યું. દીકરી ને પોલીસ ચોકીમાં પટ્ટા મારવામાં આવે તે આખા ગુજરાતને નીચા જોવા જેવી બાબત છે તો આ દીકરી ઉપરના તમામ કેસો પાછા ખેંચાય અને જવાબદાર પોલીસ અધિકારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે અને જેમની સૂચનાથી આ દીકરી ઉપર અન્યાય થયો છે એમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેને સ્વમાનભેર ન્યાય મળે તે માટે ★તા.૧૩/૦૧/૨૦૨૪ સોમવારે, ૧૦:૩૦ કલાકે જુનાગઢ કલેકટર મારફત ગુજરાતના પનોતા પુત્ર દેશ ના વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી★ ને આવેદન પત્ર આપવાનું હોય સર્વે સમાજના ભાઈઓ બહેનો સામાજિક સંસ્થાઓ અને રાજકીય પાર્ટીના આગેવાનો કાર્યકરો ખાસ ઉપસ્થિત રહેવા વિનંતી.

સ્થળ : કલેક્ટર ઓફિસ જુનાગઢ સમય : સવારે ૧૦:૩૦ કલાકે
વાર : સોમવાર તારીખ : ૧૩-૧-૨૦૨૫

નારી શક્તિનું ઘોર અપમાન હોવાથી જૂનાગઢના સર્વે સમાજના તમામ ભાઈયો બહેનોએ હાજર રહેવું.

સર્વે પક્ષના આગેવાનો કાર્યકરો એ પણ દીકરીને ન્યાય અપાવવા ખાસ હાજર રહેવું

# પારુલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ દેવાંશુ પટેલને હેમાંગ રાવલનો ખુલ્લો પત્ર




સંસ્કારી નગરી ગણાતું વડોદરા, ગુજરાતનું ઘરેણું છે. કેટકેટલા સાહિત્યકારોનું ઘર છે. પ્રેમાનંદ, દયારામ, ભોળાનાથ દિવેટીયા, કરસનદાસ માણેક, ચન્દ્રકાન્ત ટોપીવાળા, ધીરૂબેન પટેલ, ખલીલ ધનતેજવી, સિતાંશુ યશશ્ચન્દ્ર અને અન્ય કેટલાય સિદ્ધહસ્ત સર્જકોએ સાચવ્યું છે વડોદરાને. આજે ગુજરાતી ભાષાને સાચવી રાખવા માટે અનેક સંસ્થાઓ - વ્યક્તિઓ ભગીરથ પ્રયાસ કરી રહી છે. રાજ્યના દરેક વિશ્વવિદ્યાલયો - શાળાઓ આ કામમાં સહકાર આપી રહી છે. નવી શિક્ષણ નીતિ મુજબ ગુજરાતી વિષયને શાળા - કૉલેજમાં ફરજિયાત કરવામાં આવ્યો છે.

જાણમાં આવ્યા મુજબ પારુલ યુનિવર્સિટી દ્વારા તારીખ ૨૭,૨૮,૨૯ જાન્યુઆરીના રોજ "વડોદરા લિટરેચર ફેસ્ટિવલ"નું આયોજન કરવામાં આવ્યું છે. સાહિત્યની ઉજવણી કરવાનો પ્રસંગ... યુનિવર્સિટી ગુજરાતની, નામ વડોદરા લિટરેચર ફેસ્ટિવલ શ્રોતાઓ મોટાભાગના ગુજરાતના અને વક્તાઓ ગુજરાત બહારના ! કેવો અદ્ભુત સંયોગ ! થીજી ગયા છે આપણી જનતાના લોહી. આપણાં બાળકોને ગુજરાતી ભાષાથી આપણે જ દૂર કરી રહ્યાં છે, યુવાનોને ગુજરાતી બોલવામાં શરમ આવે છે અને ખોટું અંગ્રેજી પણ ગર્વથી બોલે છે. આ જે મોટો ખાડો છે તે ભરવાનું કામ શૈક્ષણિક સંસ્થાઓનું છે. વિશ્વવિદ્યાલયોનું કામ ભાષાના સેતુ બનવાનું છે ત્યારે આવી યુનિવરસિટી યુવાનોને આપણી ભાષાથી દૂર કરી રહી છે. શું પારુલ યુનિવર્સીટીના સત્તાધીશોને ગુજરાતમાં કોઈ સમર્થ સાહિત્યકારો નથી મળ્યા? કે પછી તેમને લાગે છે કે ગુજરાત અને ગુજરાતીઓ સાહિત્ય ક્ષેત્રે કંઈ જ ઉકાળી શક્યા નથી ! આપણાં ગુજરાતના સાહિત્યકાર જ્ઞાનપીઠ એવૉર્ડ વિજેતા પદ્મશ્રી રઘુવીર ચૌધરીને સાંભળવા - મળવા દેશવિદેશમાં લોકો આતુર હોય છે, તો વડોદરાના શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રને કેમ કરી ભૂલાય? સાહિત્યકાર શ્રી માધવ રામાનુજ, સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદી, સાહિત્ય અકાદમીના પ્રમુખ શ્રી ભાગ્યેશ ઝા, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, જય વસાવડા જેવા અનેકો અનેક નામો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતી ભાષાનું ગૌરવ વધારી રહ્યા છે.

જ્યારે યુનિ.ને અલગ અલગ ગ્રેડ (NAAC A/A+/A++) લેવા હોય ત્યારે ગુજરાતની સંસ્કૃતિનો જ સાથ લે છે તો અત્યારે વડોદરા લિટરેચર ફેસ્ટિવલમાં ગુજરાત બાકાત કેમ? આની આગળ પણ આ જ રીતે કદાચ બે લિટરેચર ફેસ્ટિવલ કર્યા છે, તેમાં કેટલા ગુજરાતી સાહિત્યકારોને સ્થાન આપ્યું? ગુજરાતમાં રહીને ગુજરાતી સાથે ઓરમાયું વર્તન કરતી આ સંસ્થાને ગુજરાત સરકારે ધ્યાનમાં લેવી જોઈએ કેમ કે, આ મુદ્દો રાજકીય નહિ સામજિક છે.

આજે મારું લોહી ઉકળ્યું છે તેમ તમારું પણ લોહી ઉકળવું જોઈએ. એ ઉકળશે ત્યારે જ મારું, તમારું અને ભાષાનું કંઈક યથાર્થ થશે.ગુજરાતીને સ્થાન ન આપનારનું ગુજરાતમાં સ્થાન કેવી રીતે હોય? વિચારો, વિચાર કરો કે જ્યારે તમારું બાળક તમને પૂછશે કે, "મમ્મી/પપ્પા આ ગુજરાતી ભાષામાં સારું કંઈ લખાયું છે?" શું જવાબ આપશો? અને, હા આજના બાળકો તો સાબિતી પણ માંગતા હોય છે.

ક્યારે જાગશે આપણાં અંદરનો પેલો માણસ! ખરેખર, આપણી જીભ અને માંહ્યલામાં લાગી ગયેલા બબ્બે ઈંચના જાળાને તોડતા તોડતા કેટલીય સાવરણી ભાંગી જશે!હકીકતમાં તો આ લિટરેચર ફેસ્ટિવલ ગુજરાતી ભાષા વિના ઈલીટ્રેટ ફેસ્ટિવલ બની રહેશે..

## ચૈતન્ય સ્કૂલ લેકાવાડા ગાંધીનગર મુકામે સ્વામી વિવેકાનંદની ૧૬૨ મી જન્મ જયંતી નિમિત્તે મેરેથોન (મીની) વોક - દોડ યોજાઈ




ચૈતન્ય સ્કૂલ લેકાવાડા ગાંધીનગર મુકામે સ્વામી વિવેકાનંદની ૧૬૨ મી જન્મ જયંતી નિમિત્તે મેરેથોન (મીની) વોક - દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં તારીખ ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ ના જન્મદિવસને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રના યુવાઓ માટે પ્રેરણાદાઈ રહ્યા છે. વિશ્વ વિભૂતિ શ્રી સ્વામી વિવેકાનંદની ૧૬૨ મી જન્મ જયંતી ની પૂર્વ સંધ્યાએ ચૈતન્ય સ્કૂલ દ્વારા એરાઈજ , અવેક એન્ડ રિયલાઈજ ધ પાવર યુ હોલ્ડ થીમ ઉપર મેરેથોન (મીની) દોડનું આયોજન તા.૧૧ મી જાન્યુઆરી,૨૦૨૫ ના રોજ કુડાસણ ખાતેથી કરવામાં આવ્યું હતું.

ચૈતન્ય સ્કૂલ દ્વારા આયોજિત મેરેથોન (મીની) વોક - દોડનો આરંભ અરબેનિયા સર્કલ કુડાસણ ખાતેથી કરવામાં આવ્યો હતો. આ દોડ કુલ ૪.૩૦ કિલોમીટરની રહી હતી. સરગાસણ ખાતે આ દોડ પૂર્ણ થઈ હતી.

આ વર્ષની થીમઃ એરાઈજ, અવેક એન્ડ રિયલાઈજ ધ પાવર યુ હોલ્ડ -ને શાળાના મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા આબેહૂબ રીતેપૂર્ણ કરાયેલ. વિવેકાનંદજીના સિદ્ધાંત થી યુવાપેઢીને પ્રેરણા બળ આપવાનો આ નમ્ર પ્રયાસ કરાયેલ છે.

ચૈતન્ય સ્કૂલ દ્વારા આયોજિત મેરેથોન(મીની) દોડ ઉજવણીમાં શાળાના ડાયરેક્ટર શ્રીમતી એલિઝાબેથકોશી, ટ્રસ્ટી શ્રીમતી નલીની સુબારાવ અને શાળાના ટ્રસ્ટીગણ (સિનિયર નિવૃત્ત આઈએએસ/આઈપીએસ અધિકારીશ્રીઓ)તથા મુખ્ય વહીવટી અધિકારીશ્રી નિપુલ ઠાકર, આચાર્ય શ્રીમતી સ્વાતિ માટ્ટા, શિક્ષકશ્રીઓ અને શાળા પરિવારના સર્વે ભાઈ બહેનો મેરેથોન(મીની) દોડમાં ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.

## ગિરિરાજ ની પવિત્રતા ની જાળવણી, યાત્રિકોની સલામતી અને સગવડ ના ઉદેશ થી કરાર કરાયા.આ વ્યવસ્થા માં અનેક મહાત્માઓ તથા સંઘોના માર્ગદર્શન અને સહકાર છે

ગિરિરાજની યાત્રા કરવા માટે ડોળી નું ઉપયોગ કરતા સર્વે યાત્રાળુને જણાવવાનું કે હાલમાં પાલીતાણામાં ડોળી લેબર યુનિયન ગ્રામ્ય સીટી, પાલીતાણા દ્વારા ચલાવાતી સર્વે ડોળીઓ જૈન સંઘની જ છે અને તે યુનિયન ને યાત્રા કરાવવા આપવામાં આવી છે. તેનું ભાડું જે પૂર્વે રૂપિયા ૧૦૦ કે ૧૫૦ લેવામાં આવતું હતું તે ૮મી ડિસેમ્બર ૨૦૨૪ થી નથી લેવાતું. માત્ર રૂપિયા ૨૦ યુનિયન ની રસીદ ફાડવાના ચૂકવવા પાત્ર રહે છે. યાત્રિકે ડોળી ની સેવા આપતા ડોળીવાળાઓ સાથે યાત્રા નું ભાડું નક્કી કરી લેવાનું રહે છે.

શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠને અને અમદાવાદ જૈન મહાસંઘે સંયુક્ત રીતે ડોળી લેબર યુનિયન ગ્રામ્ય-સીટી, પાલીતાણા સાથે યાત્રિકોની સલામતી અને સગવડને અનુલક્ષી ને અને ડોળીવાળાઓના વેલ્ફેરને પણ લક્ષમાં રાખીને ડોળી યાત્રા માટે વ્યવસ્થિત એગ્રીમેન્ટ અંકિત કર્યું છે. અહીં જૈનોના અધિકારોનું, યાત્રિકો ની સલામતી અને શાંતિ, ગિરિરાજ ની પવિત્રતા અને સારી સેવા આપતા ડોળીવાળા તથા ડોળીવાળાના પરિવારો ને પણ યોગ્ય પુરસ્કાર અને અન્ય સવલતો મળે તેની પણ વિચારણાઓ કરવામાં આવી છે આમ સર્વ પક્ષો ને ન્યાય મળે તેવી વ્યવસ્થા તારીખ ૧૦મી જાન્યુઆરી ૨૦૨૫ થી અમલમાં આવે તેવી રીતે ગોઠવવા ની શરૂઆત કરી છે.





જય અંબે પરિવાર ગાંધીનગર, દ્વારા અન્નકૂટ મહોત્સવ મા જગદંબાના પ્રાગટ્યા દિન પોષી પૂનમના દિવસે દર વર્ષે શ્રી જય અંબે પરિવાર ગાંધીનગરની બહેનો દ્વારા સતત ત્રણ દિવસ વિવિધ વાનગીઓ બનાવીને માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવે છે. તે નિમિત્તે પૂનમના આગળના દિવસે રવિવારે નવચંડી યજ્ઞ કરી માતાજીની આરાધના કરવામાં આવી હતી.

## સરકારી હોસ્પિટલમાં હવે સારવારની સાથે સરભરાનો આયામ પણ વિકસાવાયો

સરકારી હોસ્પિટલમાં હોસ્પિટલ સાથે હોસ્પિટાલિટીનો અનુભવ થાય ત્યારે ગરીબ દર્દીઓ એમ ચર્ચા કરવા લાગે છે કે "સરકારી હોસ્પિટલમાં આવીને આપણે સાચો નિર્ણય લીધો... ઘણા ઓછા ખર્ચે અહીં ઉમદા સારવાર મળે છે અને સરભરા પણ સારી કરવામાં આવી રહી છે...."રાજ્યની કેટલીક ખાનગી હોસ્પિટલ અને કોર્પોરેટ સેક્ટરમાં વયસ્કો માટે જે સ્પેશિયલ કેર ઉપલબ્ધ હોય છે, તેવી જ સુવિધાઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાઈ છે .

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જૂન ૨૦૨૪માં ૬૫થી વધુની વયના વયસ્કો માટે શરૂ કરાયેલો 'સિનિયર સિટીઝન પ્રતિક્ષા કક્ષ' ખરા અર્થમાં દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે.આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની વયસ્ક દર્દીઓ માટે સ્પેશિયલ જીરીયાટ્રીક કેર ઉપલબ્ધ કરાવવા રાજ્યની તમામ સરકારી હોસ્પિટલમાં માટે અલગથી કેસ બારી રાખી તેમને પ્રાથમિકતા આપવા અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સૂચના આપવામાં આવી હતી.



જેના પગલે સિવિલ હોસ્પિટલ અમદાવાદ દ્વારા જૂન ૨૦૨૪માં એક નવીનતમ પહેલ કરી સિનિયર સિટીઝન પ્રતિક્ષા કક્ષની સેવાઓ વયસ્ક દર્દીઓની તકલીફોને ધ્યાનમાં રાખી તેમને તમામ સેવાઓમાં પ્રાથમિકતા મળે તેવા ઉમદા હેતુથી શરૂ કરવામાં આવી રહી છે.

આ અંગે વધુ વિગતો આપતા સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, આજથી છ મહીના પહેલા શરૂ કરવામાં આવેલી આ સેવા વયસ્ક દર્દીઓ માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે . આજદિન સુધી ૧૦,૩૪૧ જેટલા સિનિયર સિટીઝન દર્દીઓ આ સેવાનો લાભ લઈ ચૂક્યા છે, જેમાં ૪૧૬૯ મહિલા અને ૬૧૭૨ પુરુષ દર્દીઓનો સમાવેશ થાય છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ઉક્ત સેવાનો લાભ લેનાર દર્દીઓમાં ૮૫થી ૯૦ વર્ષની ઉંમરના ૧૨૫ જેટલા દર્દીઓ તેમજ ૯૦ વર્ષ કરતાં વધુ ઉમરના ૧૦૦ જેટલા દર્દીઓ છે. શું સુવિધાઓ છે ઉપલબ્ધ?? ★ આ સિનિયર સિટીઝન કક્ષમાં વૃદ્ધ દર્દીઓને આરામથી બેસવાની, તેમના અલાયદા કેસ રજિસ્ટ્રેશન ડેસ્કની, પીવાના સ્વચ્છ પાણી તેમજ ટોઈલેટની સાથે જે તે વિભાગના ડૉક્ટરને બતાવવા જવા માટે વ્હીલચેર તેમજ ટ્રોલીની સાથે એક અલગથી અટેન્ડન્ટ મોકલવાઓ તેમને સારવાર તેમજ તપાસમાં પ્રાથમિકતા આપવામાં આવે તે પ્રમાણેની વ્યવસ્થા સિવિલ હોસ્પિટલ દ્વારા કાર્યરત કરવામાં આવી છે..

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ૨૮મી ઓલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને ફિટ ઈન્ડિયાનો મંત્ર આપીને રમતગમતને જીવનનો ભાગ બનાવવા પ્રોત્સાહન પૂરું પાડ્યું
- ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા યોજાતી સ્પર્ધાઓ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'નેશન ફર્સ્ટ'ની સંકલ્પના સાકાર કરે છે.
- રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રશિક્ષણ સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ મજબૂત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાણંદ ખાતે ૨૮મી ઓલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ૨૮મી ઓલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને ફિટ ઈન્ડિયાનો મંત્ર આપીને રમતગમતને જીવનનો ભાગ બનાવવા પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. સ્વસ્થ મન અને સ્વસ્થ જીવન માટે વ્યાયામ અને ખેલકૂદ જરૂરી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા યોજાતી આવી સ્પર્ધાઓ પોલીસકર્મીઓને ફિઝીકલી ફીટ રાખે છે અને તેમના સંકલનને વધુ મજબૂત બનાવે છે. આવી સ્પર્ધાઓથી વિવિધ રાજ્યના પોલીસ કર્મચારીઓને એકબીજા સાથે સમય વિતાવવાનો અવસર પ્રાપ્ત થાય છે. તેઓ એકબીજા સાથે વિવિધ સાંસ્કૃતિક બાબતોનું આદાનપ્રદાન પણ કરે છે. આવા આયોજનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'નેશન ફર્સ્ટ'ની સંકલ્પના સાકાર કરે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિકની યજમાની માટે દેશ તૈયારી કરી રહ્યો છે ત્યારે ગુજરાતમાં પણ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રશિક્ષણ સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને રાજ્યમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ મજબૂત કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. સ્પોર્ટ્સમાં રાજ્યના પોલીસકર્મીઓ પણ સક્રિયપણે જોડાય તે માટે રાજ્યમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી ત્રણ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે સેન્ટર ઓફ એકસેલન્સ ઈન સ્પોર્ટ્સ સ્થાપવાનું પણ આયોજન છે, એમ તેમણે ઉમેર્યું હતું.સાથે જ, મુખ્યમંત્રીશ્રીએ રાજ્યને સ્માર્ટ, સેફ અને સિક્યોર બનાવતા ગુજરાત પોલીસના ઈ-ગુજકોપ, ઈ-ઙ્મૈંઇ, ફૈંજીઉછજી, સાયબર સિક્યોરિટી સહિતના પ્રકલ્પોને બિરદાવ્યા હતા.

રાજ્ય પોલીસવડા શ્રી વિકાસ સહાયે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગત એક વર્ષમાં ગુજરાત પોલીસે ઓલ ઈન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપ, ઓલ ઈન્ડિયા પોલીસ બેન્ડ કોમ્પિટિશન, ઓલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટ જેવી રાષ્ટ્રીય સ્તરની ત્રણ અલગ અલગ સ્પર્ધાઓની યજમાની કરી છે.

વધુમાં વાત કરતાં રાજ્ય પોલીસવડાએ જણાવ્યું હતું કે, પોલીસની કાર્યશૈલી અને કાર્યપદ્ધતિમાં ઉત્સાહ, જોશ અને ભાઈચારો મહત્વના પરિબળો છે. આવી સ્પર્ધાઓ પોલીસકર્મીઓના એકબીજા સાથેના સંબંધો અને સંકલન મજબૂત કરે છે.

સ્પર્ધા વિશે વાત કરતાં શ્રી વિકાસ સહાયે જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રથમ વખત યોજાઈ રહેલી ઓલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટમાં ૧૨ રાજયો અને ૬ કેન્દ્રીય પોલીસ દળોના ૮૦ જેટલા પોલીસકર્મીઓએ ભાગ લીધો છે. વૃક્ષારોપણ જેવા સામાજિક વિષયને પણ સ્પર્ધાનો ભાગ બનાવીને ગ્રીન ગુજરાત, ગ્રીન ઈન્ડીયા, ગ્રીન વર્લ્ડના મંત્રને સાકાર કરવાની દિશામાં ગુજરાત પોલીસે પોતાનું યોગદાન આપ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડના ચેરમેન શ્રી રાજીવ આહીરે જણાવ્યું હતું કે, ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ દેશભરમાં પોલીસ દળો માટે ઘણી સ્પર્ધાઓ યોજે છે. જેના લીધે પોલીસ વિભાગના ખેલાડીઓએ ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૯ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સાણંદના કલ્હાર બ્લુ અને ગ્રીન્સ ગોલ્ફ ક્લબ ખાતે યોજાયેલી ૨૮મી ઓલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટમાં ગુજરાત, આંધ્રપ્રદેશ, આસામ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, તેલંગાણા, પશ્ચિમ બંગાળ સહિતના રાજયો તથા સીઆઈએસએફ(ઝ્રૈંજીહ્લ), સીઆરપીએફ(ઝ્રઇઁહ્લ), આસામ રાઈફલ્સ, બીએસએફ(મ્જીહ્લ), આઈટીબીપી(ૈં), આઈબી(ૈંમ્) જેવા પોલીસ દળોના પોલીસકર્મીઓએ આ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

આ ટૂર્નામેન્ટમાં ગુજરાત પોલીસના હોમગાર્ડના કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલ અને સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત ટીમ નેટ કેટેગરીની સ્પર્ધામાં રનર અપ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેટ ડ્રાઈવ સ્પર્ધામાં એડમીન આઈજી(ય) શ્રીમતી ગગનદીપ ગંભીર વિજેતા રહ્યા હતા.

૨૮મી ઓલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં હોમગાર્ડના કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલ, ગોલ્ફ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રી આર્યવીર આર્ય, સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, અગ્રણી શ્રી હર્ષદગીરી ગોસ્વામી સહીત કેન્દ્રીય પોલીસ દળોના અધિકારીઓ, રાજ્યના પોલીસ વિભાગના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.